## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરાની બી.આર.ઉમરાકર વિનય મંદિર શાળાની ધોરણ-12માં સિદ્ધિ

ભોરિયાઃ ગ્રામ મંગલમ્ ટ્રસ્ટ અનાવલ સંચાલિત બી.આર.ઉમરાકર વિનય મંદિર, ઉમરાનું ધોરણ-૧૨ સામાન્ય અને વાણિજ્ય પ્રવાહનુ શાળાનું પરિણામ 96% આવ્યું છે. જેમાં શાળાની વિદ્યાર્થિની નિશા જીતુભાઈ ચૌધરી 82.43% (A2 ગ્રેડ) પ્રથમ ક્રમે, બીજા ક્રમે કશિશકુમારી કમલેશભાઈ પટેલ 81.14% (A2 ગ્રેડ) અને તૃતીય ક્રમે ક્રિષ્ણાકુમારી રાજુભાઈ પટેલ 79.71% (A2 ગ્રેડ) ઉત્તીર્ણ થયા હતા. ધો.૧૦નું શાળાનું પરિણામ 85.10% આવ્યું છે, જેમાં શાળાની વિદ્યાર્થિની સુહાની મુકેશભાઈ પટેલ 90.50% (A1 ગ્રેડ) પ્રથમ ક્રમે, બીજા ક્રમે આયુસી પ્રમેશભાઈ કોળઘા 84.5% (A2 ગ્રેડ) અને તૃતીય ક્રમે હેતસ્વી ધર્મેશભાઈ પટેલ 84 % (A2 ગ્રેડ) ઉત્તીર્ણ થયા હતા. તમામ વિદ્યાર્થીઓને શાળાના પ્રમુખ નરેશભાઈ ત્રિવેદી (બાપુ), મંત્રી દીપકભાઈ પટેલ, કારોબારી સભ્યો, શાળાના આચાર્ય પ્રણયસિંહ ટી. પરમાર તથા શાળાના શિક્ષક ભાઈઓ અને બહેનોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

### હથુકામાં ચોરી કરનારા ત્રણ ઝડપાયા



વાલોડઃ હથુકા ગામના એક ખેતરમાંથી ૧૦ હોર્સપાવરની સબમર્શિબલ મોટર અને વાયરની ચોરીનો ભેદ વાલોડ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. પોલીસે બાતમીના આધારે તપાસ હાથ ધરી આ ગુનામાં સંડોવાયેલા કોસંબિયા અને ભીમપોરના ત્રણ આરોપી અજય મણિલાલ ચૌધરી, ચિંતન મહેશભાઈ ચૌધરી અને આનંદ ઉમેશભાઈ ગામીતને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીની બે મોટર, વાયર, એક મોપેડ અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ 91,500નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે ફરિયાદી સોહીત ગામીતના જ ગામના શખ્સોએ આ ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે ગણતરીના સમયમાં જ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી વધુ તપાસ હાથ ધરી છે.

### તરસાડીમાં ટેમ્પોમાં ડીજે વગાડી લોકોની ઊંઘ હરામ કરનાર જેલભેગો

હથોડાઃ તરસાડી ખાતે સરદાર રાણા હોલની સામે રહેણાક વિસ્તારમાં જાહેરમાં રોડ પર ઊંચા આવજે ટેમ્પોમાં ડીજે વગાડનાર ટેમ્પો ચાલકને પોલીસે જેલભેગો કરી કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાની વિગત એવી છે કે 15 એક્સએક્સ 5871 નંબરના આઇસર ટેમ્પોમાં કિંગ ફાયર નામનું ડીજે અને વાજિંત્રનો સામાન મોટો સ્પીકર ગોઠવીને તરસાડીના સરદારના હોલની સામે રોડ ઉપર ઊંચા આવવા જે ડીજે અને વાજિંત્રો વગાડીને આજુબાજુમાં રહેતા લોકોને ત્રાસજનક ખલેલ પહોંચાડી લોકોની ઊંઘ હરામ કરતાં આખરે કોસંબા પોલીસે ટેમ્પો ચાલક રાજેશ મોહન ગામીત (રહે., વણઝાંખર, માંગરોળ)ની સામે ફરિયાદ દાખલ કરી જેલભેગો કર્યો હતો.

### સોનગઢમાં સાયબર સુરક્ષા સેમિનાર યોજાયો

સોનગઢઃ તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જે.એન.દેસાઈના માર્ગદર્શન હેઠળ સોનગઢ ખાતે એક વિશેષ જનજાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ પોલીસ અધીક્ષક (નિઝર વિભાગ)ના અધ્યક્ષ સ્થાને અને સોનગઢ પોલીસ ઇન્સ્પેક્ટર ડી.વી.ધોલાદ્રાની આગેવાનીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સાયબર સુરક્ષા, ટ્રાફિક અવેરનેસ, મહિલા અને બાળ સુરક્ષા જેવા ગંભીર વિષયો પર ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. આ સેમિનારમાં ગ્રામ્ય વિસ્તારના અંદાજે ૨૦૦ થી ૨૫૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### જીતાલીમાં દારૂ સાથે એક ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા જીતાલી ગામ વિસ્તારમાં કોમ્બિંગ નાઇટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે જીતાલી ગામની સારથી રેસિડન્સીમાં રહેતા સતિષભાઈ ભૂપેન્દ્રસિંહ રાજપૂત પોતાના ઘર આગળ પાર્ક કરેલી મારુતિ ઓમની વાનમાં ગેરકાયદે ઇંગ્લિશ દારૂનો જથ્થો વેચાણના ઈરાદે સંતાડી રાખ્યો છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે પંચ સાક્ષીઓની હાજરીમાં સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 750 મી.લી.ની કુલ 69 બોટલ મળી આવી હતી. આરોપી પાસે દારૂ અંગે કોઈ પાસ પરમિટ ન હોવાનું બહાર આવતાં પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસે રૂ.89,700 કિંમતનો દારૂ, રૂ.1,50,000 કિંમતની મારુતિ ઓમની વાન તથા રૂ.5,000નો મોબાઇલ ફોન સહિત કુલ રૂ.2,44,700નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### તડકેશ્વર વિભાગની હાઈસ્કૂલનું ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં 90.47 ટકા પરિણામ



માંડવી : તડકેશ્વર વિભાગની હાઈસ્કૂલનું ધોરણ-12 સામાન્ય પ્રવાહનું વર્ષ 2026નું પરિણામ 90.47 ટકા આવ્યું હતું. ધો-12 સામાન્ય પ્રવાહમાં કુલ 63 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જે 19 વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં મેળવ્યો હતો.પ્રથમ ક્રમે દૃષ્ટિ બાબુભાઈ પટેલ- 78.57 % પ્રાપ્ત કર્યા હતા. જ્યારે બીજા ક્રમે નિમિષા શંભુભાઈ વસાવાએ 70.28 % અને ત્રીજા ક્રમે પાનખાતુનબીબી અ.કાદરે 70.29% પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓના ઉત્તમ પરિણામને પગલે સમગ્ર શાળા પરિવારમાં આનંદની લાગણી વ્યાપી શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ઉમરવાડામાં મહિલા દારૂ સાથે ઝડપાઈ

અંકલેશ્વરઃ પાનોલી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ પ્રોહિબિશન અને જુગાર વિરોધી પેટ્રોલિંગમાં હતા. ત્યારે બાતમી મળી હતી કે ઉમરવાડા ગામના જોષી ફળિયામાં રહેતી દિવાળીબેન બાબુભાઈ બાલુભાઈ વસાવા (ઉં.વ. 52)એ પોતાના ઘરે ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂ વેચાણ માટે સંગ્રહ કરી રાખ્યો છે. બાતમીના આધારે પોલીસે તપાસ કરતાં આરોપીના ઘરના રસોડાના પાછળના ભાગેથી પ્લાસ્ટિકના થેલામાં કંપની સીલબંધ વિદેશી દારૂની નાની-મોટી બોટલો મળી આવી હતી. પોલીસે કુલ અંદાજે 69 બોટલ વિદેશી દારૂ (કુલ કિંમત રૂ.17,229) કબજે કરી આરોપી મહિલાની ધરપકડ કરી હતી.

# વાઘેચામાં તાપી નદીમાં 'મોતનો કૂવો': 250થી વધુ જિંદગી હોમાઈ

**કડોદના** આગેવાન ધ્રુવીલ ગાંધી દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત



કડોદઃ બારડોલીના વાઘેચા ગામ ખાતે વારંવાર તાપી નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થવાની ઘટનાઓ સામે આવે છે. આજદિન સુધી આશરે 250 કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યા છે તે અંગે જરૂરી કાર્યવાહી કરી યોગ્ય પગલાં ભરવા માટે કડોદના આગેવાન ધ્રુવીલ ગાંધી દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

ધ્રુવિલ ગાંધીએ મુખ્યમંત્રી, કેન્દ્રીય જળ સંસાધન મંત્રી તથા સુરતના કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે કે ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવતા વાઘેચા ખાતે તાપી નદીમાં ન્હાવા ગયેલા અનેક લોકો પાણીમાં ડૂબી જતાં મૃત્યુ પામ્યા છે.

ત્યારે સરકાર તથા વાઘેચા મંદિર ટ્રસ્ટ દ્વારા ચેતવણી સૂચક બોર્ડ લગાવવામાં આવ્યા હોવા છતાં આજદિન સુધીમાં આસરે ૨૫૦થી વધુ લોકોએ નદીમાં ડૂબી પ્રાણ ગુમાવ્યા છે. વાઘેચા ખાતે જ્યારે પણ આવી દુર્ઘટના સર્જાય છે. ત્યારે ભામૈયાના નાનુભાઈ પ્રેમાભાઈ રાઠોડ ડૂબતાને બચાવે છે કે ડૂબી ગયેલાની લાશ બહાર કાઢે છે.

નાનુભાઈના જણાવ્યા અનુસાર નદીમાં ૮૫ ફૂટ ઊંડો ૨૦ ફૂટ જેટલો પહોળો ખાડો છે, જેમાં વ્યક્તિ ફસાઈ જાય છે અને પ્રાણ ગુમાવે છે. ધ્રુવિલ ગાંધીએ આવેદનમાં જણાવ્યું છે કે, સરકાર દ્વારા આ ખાડો પુરાણ કરીને દૂર કરવામાં આવે તો નદીમાં ડૂબી જવાથી મૃત્યુનું પ્રમાણ ઓછું કરી શકાય.



# ભરૂચમાં ઉનાળાનો પારો 42 ડિગ્રી પાર

**ડિહાઇડ્રેશન,** ચક્કર આવવા જેવાં લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યામાં વધારો

ભરૂચઃ ભરૂચ જિલ્લામો ઉનાળો વિકરાળ બન્યો છે. તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું છે. જેના કારણે છેલ્લા કેટલાક દિવસોમાં હીટ સ્ટ્રોકના કેસોમાં 20 ટકા જેટલો વધારો નોંધાયો છે. હાલત એવી છે કે આરોગ્ય વિભાગ પણ ચિંતામાં મુકાઈ ગયો છે. સિવિલ હોસ્પિટલના તબીબોના જણાવ્યાનુસાર વધતી ગરમીને કારણે ડિહાઇડ્રેશન, ચક્કર અને બેહોશી જેવાં લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે. આ અંગે હોસ્પિટલના વરિષ્ઠ તબીબે જણાવ્યું હતું કે, 'બાળકો, વૃદ્ધો અને શ્રમિકો સૌથી વધુ જોખમમાં છે. તેમણે ખાસ સાવચેતી રાખવી જરૂરી છે.' ગરમીથી બચવા તબીબોએ સવારે 10થી સાંજના 5 વાગ્યા સુધી બહાર ન નીકળવાની સલાહ આપી છે. ઉપરાંત, પૂરતું પાણી પીવા, સુતરાઉ કપડાં પહેરવા અને માથું ઢાંકી રાખવા જેવી હિમાયત પણ કરી છે.

# તડકેશ્વરમાં ડમ્પરે અડફેટે લેતાં કારનો કચ્ચરઘાણ, જાનહાનિ ટળી

**સદનસીબે** કારમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો

માંડવીઃ માંડવી-કીમ મુખ્ય માર્ગ પર ગુરુવારે બપોરે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. તડકેશ્વર ગામ નજીક કાકરાપાર જમણા કાંઠાની નહેર પાસે એક બેફામ ગતિએ ધસી આવેલા ડમ્પર ટ્રકે સ્થિર ઊભેલી કારને પાછળથી જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં કાર બે ડમ્પરો વચ્ચે સેન્ડવિચ બની જતાં તેનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સદનસીબે કારમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર મિરાજભાઈ મહેશભાઈ રામાણી પોતાના મિત્રો સાથે ગ્રે કલરની નિસાન સની કાર (Nissan Sunny XL)માં નાની નરોલી ગામથી સુરત તરફ જઈ રહ્યા હતા. દરમિયાન તડકેશ્વર ગામ પાસે નહેર નજીક ટ્રાફિક જામ હોવાથી મિરાજભાઈએ પોતાની કાર આગળ ઊભેલા એક ડમ્પરની પાછળ ઊભી રાખી હતી. આ સમયે પાછળથી પૂરઝડપે આવી રહેલા ભારતબેન્ઝ કંપનીના ડમ્પર ટ્રક નં.(GJ-17-TT-9798)ના ચાલકે પોતાના કબજાનું વાહન બેદરકારીપૂર્વક હંકારી કારને પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. પાછળથી લાગેલી જોરદાર ટક્કરના કારણે કાર આગળ ઊભેલા અન્ય ડમ્પર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારના આગળ અને પાછળના બંને ભાગોને ભારે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માતને પગલે માર્ગ પર લોકોનાં ટોળાં ઊમટી પડ્યાં હતાં. સદનસીબે આ ભયાનક દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ બનાવ અંગે તડકેશ્વર પોલીસ મથકે ડમ્પર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# નવ માસથી ફરાર રીઢો આરોપી પ્રકાશ વાંસફોડિયા ઝડપાયો

**કોમ્બિંગ** નાઇટ દરમિયાન કડોદરા GIDC પોલીસની કાર્યવાહી

**વિવિધ** પોલીસ મથકોમાં લૂંટ અને મારપીટ જેવા ૨૭ ગુના નોંધાયેલા છે

પલસાણાઃ સુરત ગ્રામ્ય પોલીસની 'કોમ્બિંગ નાઈટ' દરમિયાન કડોદરા GIDC પોલીસને મોટી સફળતા મળી છે. ઓગસ્ટ-૨૦૨૫માં કડોદરા પોલીસ ચોકી પર થયેલા હુમલા અને રાયોટિંગના ગુનામાં છેલ્લા નવ માસથી નાસતા-ફરતા રીઢા આરોપી પ્રકાશ રમેશભાઈ વાંસફોડિયાને અંત્રોલીના ભુરી ફળિયાથી ઝડપી પાડવામાં આવ્યો છે. ગત વર્ષે પાસા વોરંટની બજવણી વખતે ટોળાએ પોલીસ સાથે ઝપાઝપી કરી સરકારી મિલકતને નુકસાન પહોંચાડ્યું હતું, જેમાં પ્રકાશ મુખ્ય સંડોવાયેલો હતો. ૪૩ વર્ષીય આ આરોપીનો ગુનાહિત ઈતિહાસ ઘણો લાંબો છે; તેની સામે કામરેજ, સચિન અને પલસાણા સહિત વિવિધ પોલીસ મથકોમાં લૂંટ, પ્રોહિબિશન અને મારપીટ જેવા ૨૭ જેટલા ગુના નોંધાયેલા છે. હાલ પોલીસે તેની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મઢીમાં કિશોરનું લપસી પડતાં મોત

બારડોલીઃ મઢી ગામના ચંપા ફળિયામાં રહેતા મેહુલભાઈ નીતિનભાઈ ચૌધરી (ઉં.વ.૧૭) ગત તા.૭/૫/૨૦૨૬ના રોજ સાંજના આશરે સાડા સાત વાગ્યાના અરસામાં પોતાના ફળિયામાં ચાલતા જઈ રહ્યા હતા. દરમિયાન ભાથુજી મહારાજના મંદિરવાળી ગલીમાં તેમનો પગ અચાનક લપસી ગયો હતો. લપસીને નીચે પડતાં કિશોરને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે તેનું કરુણ મોત થયું હતું. આ ઘટના અંગે મૃતકના સંબંધી મમતાબેન મહેશભાઈ રાઠોડે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે આ મામલે અકસ્માતે મોત મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોટા બોરસરા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત, ચાલકને ગંભીર ઈજા

હથોડાઃ મોટા બોરસરા સ્થિત દોઢિયા કંપનીની સામેના રોડ પર જીજે-05-એમયુ-3648 નંબરની મોટરસાઈકલના ચાલકે સામેથી આવતી જીજે-05-એમવાય-7358 નંબરની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી. આ બનાવમાં બીજી મોટરસાઈકલના ચાલક વજીરભાઈ બાલુભાઈ રાઠોડ રોડ પર પટકાતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે સુરતની નવી સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલે વજીરભાઈનાં પત્ની તેજુબેને અકસ્માત સર્જનાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલીમાં બિઝનેસ ગ્રુપની મેમ્બરશિપ મુદ્દે સામસામે હુમલો

**બંને** પક્ષે પોલીસ ફરિયાદ નોંધાઈ

બારડોલીઃ બારડોલીના ગાંધી રોડ પર આવેલા વી.કે. ટાવરમાં ગત 7મી મેના રોજ 'LVB બિઝનેસ ગ્રુપ'ની મેમ્બરશિપના આંતરિક વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સભ્ય પદના નિયમોને લઈને શરૂ થયેલી સામાન્ય બોલાચાલી જોતજોતામાં મારામારીમાં પરિણમી હતી, જેમાં બંને પક્ષો દ્વારા એકબીજા પર ગંભીર ઈજા પહોંચાડવાના આક્ષેપો સાથે બારડોલી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ઘટનાની વિગત મુજબ પ્રથમ ફરિયાદ પક્ષના ઋષિરાજ સુરેશભાઈ પારેખ (રહે.,ઋષિસ ટેટુ વર્લ્ડ)એ આક્ષેપ કર્યો છે કે, સાગર કિરણભાઈ પંચાલ અને અન્ય સભ્યોએ તેમની દુકાને આવી બે જગ્યાએ મેમ્બરશીપ રાખવા બાબતે વિવાદ કર્યો હતો. આ દલીલબાજી દરમિયાન સાગર પંચાલે ઉશ્કેરાઈને ગાળાગાળી કરી, ઢીકમુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. સામા પક્ષે સાગરભાઈ કિરણભાઈ પંચાલે (એક્ઝિક્યુટિવ મેનેજર, LVB ગ્રુપ) નોંધાવેલી ફરિયાદ અનુસાર, ઋષિરાજ પારેખે નિયમ વિરુદ્ધ અન્ય નંબરથી મેમ્બરશિપ મેળવી હતી. આ બાબતે સમજાવવા જતાં ઋષિરાજે સ્ટીલની સ્ટીક વડે હુમલો કર્યો હતો, જેમાં સાગરભાઈનો મોબાઈલ તૂટી ગયો હતો અને તેમને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્ત સાગર પંચાલને વધુ સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બારડોલી ટાઉન પોલીસે આ મામલે બંને પક્ષની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. એ.એસ.આઈ. પાંડુરંગ સોનવણે આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સમયસર ટિફિન ન મળતાં પત્નીને મારતા પતિને અભયમે સમજાવ્યો

**ઘરેલુ** ત્રાસથી પીડિત મહિલાની વહારે આવી 181 અભયમ નર્મદા ટીમ

રાજપીપળાઃ ડેડિયાપાડા તાલુકાના એક ગામમાંથી એક મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી મદદ માંગી હતી. મહિલાએ જણાવ્યા મુજબ તેમના પતિ દ્વારા નાની-નાની બાબતોમાં મારઝૂડ કરવામાં આવતી હતી તેમજ અપશબ્દો બોલી માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. સતત હેરાનગતિથી કંટાળી મહિલાએ 181 અભયમની મદદ માંગી હતી.

માહિતી મળતા જ 181 અભયમ નર્મદાની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષનું કાઉન્સેલિંગ હાથ ધર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે મહિલાના બાળકો નાના હોવાથી ઘરકામ તેમજ બાળકોની જવાબદારીને કારણે ક્યારેક કામમાં મોડું થતું હતું. આ બાબતે પતિ ગુસ્સે થઈ મહિલાની સાથે મારઝૂડ કરતા હોવાનું સામે આવ્યું હતું.

પતિએ ટીમ સમક્ષ જણાવ્યું હતું કે, તેઓ નોકરી માટે બહારગામ અપડાઉન કરે છે અને સમયસર ટિફિન તૈયાર ન થતાં ગુસ્સે થઈ જતા હતા. ત્યારબાદ 181 ટીમ દ્વારા બંને પક્ષને સમજાવવામાં આવ્યા હતા.

ઘરકામ અને બાળકોની જવાબદારી સુમેળથી વહેંચી સમયસર કામગીરી કરવા સલાહ આપવામાં આવી હતી. સાથે જ મહિલાના પતિને હાથ ન ઉપાડવા, અપશબ્દો ન બોલવા તેમજ બાળકોની જવાબદારીમાં સહભાગી બનવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

181 અભયમ ટીમની સમજાવટ અને કાઉન્સેલિંગ બાદ બંને પક્ષોએ એકબીજાની લાગણીઓને સમજી ભવિષ્યમાં શાંતિપૂર્ણ રીતે જીવન જીવવાની ખાતરી આપી હતી. આમ, 181 અભયમ નર્મદા ટીમ દ્વારા ઘરેલુ વિવાદમાં સુમેળભર્યું સમાધાન કરાવવામાં આવ્યું હતું.

# બારડોલીમાં છૂટાછેડાની અરજી પાછી ખેંચવા બાબતે પત્ની-સાળા પર હુમલો

**શિક્ષિકા** પત્નીએ છૂટાછેડાની અરજી કરી હોવાથી પતિએ હુમલો કર્યો

બારડોલીઃ મૂળ વાંસકુઈ અને હઢ બારીયા ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવતી નિકીતાકુમારીનાં લગ્ન વર્ષ-2019માં અંબિકાના કઢૈયા ગામના ધનંજયભાઈ વિક્રમભાઈ ગરાસીયા સાથે થયાં હતાં. લગ્ન જીવનમાં અણબનાવ બનતા નિકીતાકુમારીએ બારડોલી ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી છે. જેનો ખાર રાખી, ગત તા.7/5/2026ના રોજ સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં આ હુમલો કરવામાં આવ્યો હતો. ફરિયાદી નિકીતાકુમારી તેના ભાઈ વિશાલ સાથે મોપેડ પર બારડોલી કપડાં ખરીદવા જઈ રહ્યાં હતાં. ત્યારે ઈસરોલી ગામ નજીક ડ્રીમ લક્ઝરિયા રેસિડેન્સી સામે રોડ પર પતિ ધનંજય બુલેટ પર આવ્યો હતો. તેણે ચાલુ મોપેડને જોરથી લાત મારતાં ભાઈ-બહેન રોડ પર ઘસડાઈ પડ્યાં હતાં. બાદ આરોપીએ નિકીતાકુમારીના મોં પર લાતો મારી તેમજ શરીરે ઢીકમુક્કીનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા દરમિયાન આરોપીએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત બહેન-ભાઈને તાત્કાલિક બારડોલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં નિકીતાકુમારીને હોઠના ભાગે ત્રણ ટાંકા આવ્યા છે. આ મામલે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# અમલસાડીમાં હળપતિ સમાજનો ભવ્ય સમૂહ લગ્ન મહોત્સવ યોજાશે

બારડોલીઃ પલસાણાના અમલસાડી સ્થિત આશ્રમશાળા ખાતે આગામી ૧૦ મે ૨૦૨૬, રવિવારના રોજ હળપતિ સમાજના નવદંપતીઓ માટે એક ભવ્ય સમૂહલગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રૂરલ લેબર એસોસિએશન અને હળપતિ સેવા સંઘ, બારડોલીના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ મહોત્સવમાં કુલ ૫૧ યુગલ લગ્નગ્રંથિથી જોડાશે. આ પ્રસંગે સુરત જિલ્લા સહકારી સંઘના પ્રમુખ ભીખાભાઈ ઝવેરભાઈ પટેલના હસ્તે કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવશે.

આ પ્રસંગે બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર અને માંડવીના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવશે. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સમીરભાઈ ભક્ત, મહેશભાઈ પટેલ, રશ્મીકાંત પટેલ અને સિદ્ધાર્થ ચૌધરી સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ હાજરી આપશે. આ આયોજનને સફળ બનાવવા માટે વિરેન્દ્રભાઈ દેસાઈ, અમરસિંહભાઈ ચૌધરી અને પ્રકાશભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. લગ્ન મહોત્સવમાં આશરે દસ હજાર જેટલા લોકો જોડાવાની શક્યતા છે, જેમના માટે આયોજકો દ્વારા નિઃશુલ્ક ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. હાલ અમલસાડી ખાતે લગ્નની પૂર્વ તૈયારીઓ અંતિમ તબક્કામાં ચાલી રહી છે.

# અંકલેશ્વરમાં શંકાસ્પદ બાઈક સાથે એક ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ત્રણ રસ્તા સર્કલ પાસેથી કર્ણાટક પાસિંગની શંકાસ્પદ બાઈક સાથે ઉત્તર પ્રદેશના હયાતખાન આમીરખાનની અટકાયત કરી છે. પૂછપરછમાં બાઈકના જરૂરી દસ્તાવેજો રજૂ ન કરી શકતાં પોલીસે 50 હજારની કિંમતનું બાઈક જપ્ત કર્યું છે. પોલીસ હાલ આ બાઈક ચોરીનું છે કે કેમ એ દિશામાં વધુ તપાસ ચલાવી રહી છે.


Milano MULTIPLEX

બારડોલી

Raja Shivaji 02:00pm, 05:30pm, 10:00pm

Bhooth Bangla- 11:00am

Dhabkaaro-Gujarati 12:00pm, 09:30pm

Krishnavataram Part 1 - The Heart 03:00pm, 06:00pm, 09:00pm

Daadi Ki Shaadi-10:00am

Mortal Kombat 2- 01:00pm, 07:00pm

Vaanki Chuki Love Story- 04:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333